શ્રી ઔ.સ.ઝા.સા.બ્રહ્મસમાજ અમદાવાદ

રજી.નં.એ-૨૭૪૫
સંસ્કાર-સંગઠન-સમાજસેવા
• વર્ષ-૪૩ • નવેમ્બર.-૨૦૨૫

**શ્રી ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદનું**
**સંસ્કાર-સંગઠન-સમાજસેવાની સુવાસ પ્રસરાવતું દ્વિ-માસિક સામયિક**

# સદ્‌ભાવ

સળંગ અંક-૨૨૧



**अन्नपूर्णे सदापूर्णे शंकरप्राणवल्लभे। ज्ञानवैराग्यसिद्ध्यर्थं भिक्षां देहि च पार्वति ॥**

**સ્પોન્સરશીપ**
**સ્વ. સવિતાબેન બાબુલાલ વ્યાસ પરિવાર**

# માતૃપિતૃ ચરણકમલેભ્યો નમઃ



સ્વ. સવિતાબેન બાબુલાલ વ્યાસ





સ્વ. બાબુલાલ દુર્લભજી વ્યાસ

सर्वतीर्थमयी माता सर्वदेवमयः पिता ।
मातरं पितरं तस्मात् सर्वयत्नेन पूजयेत् ।।
मातरं पितरं चैव यस्तु कुर्यात् प्रदक्षिणम् ।
प्रदक्षिणीकृता तेन सप्तदीपा वसुंधरा ॥

## પરિવાર

શ્રી વિનોદરાય બાબુલાલ વ્યાસ | સ્વ. લીનાબેન વિનોદરાય વ્યાસ
સૃષ્ટિ

સ્વ. અશોકભાઈ બાબુલાલ વ્યાસ | ગં.સ્વ. હર્ષીદાબેન અશોકભાઈ વ્યાસ
કૃણાલ, પરીતા, દીશા

શ્રી મહેશભાઈ બાબુલાલ વ્યાસ | અ.સૌ. વિશાખાબેન મહેશભાઈ વ્યાસ
પલક, ગુંજન

શ્રી જયેશભાઈ બાબુલાલ વ્યાસ | અ.સૌ. ભારતીબેન જયેશભાઈ વ્યાસ
શ્રૃતિ, કાજલ

શ્રી પ્રકાશભાઈ બાબુલાલ વ્યાસ | અ.સૌ. હીમાબેન પ્રકાશભાઈ વ્યાસ
કેવલ, નિકીતા

શ્રી દિપનભાઈ બાબુલાલ વ્યાસ | અ.સૌ. શોભનાબેન દિપનભાઈ વ્યાસ
જીત, નિષ્ઠા

# સદ્ભાવ

વર્ષ – 43 સળંગ અંક -221 નવેમ્બર-2025

## માલિક, મુદ્રક અને પ્રકાશક પત્રવ્યવહાર

**શ્રી ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી સાડાચારો બ્રહ્મસમાજ, અમદાવાદ.**

412, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર સામે, શ્યામશિખર ચાર રસ્તા, બાપુનગર, અમદાવાદ-25 ફોન. - 999 8000 450

કાર્યાલય – સોમ, બુધ, અને શુક્ર સાંજે 6.00 થી 8.00

sadbhav84@gmail.com

@sadbhav450bs

@asz450brahmsamajahmedabad

https://asz450bsabd.in

તંત્રી

શ્રીમતી હીતાક્ષીબેન ચેતનભાઈ વ્યાસ

સહતંત્રી

શ્રીમતી મીતાબેન કેતનભાઈ મહેતા

સંપાદક મંડળ

શ્રી હરેશભાઈ રવિશંકર જોષી

શ્રીમતી પ્રીતીબેન પ્રશાંતભાઈ આચાર્ય

શ્રી દર્શનભાઈ અરવિંદભાઈ ત્રિવેદી

માહિતી માટે મો. 999 8000 450

### સદભાવ આજીવન લવાજમ

સ્થાનિક – રૂ.1000/- વિદેશમાં રૂ.2500/-

## રસથાળની સ્વાદિષ્ટ વાનગીઓ..

1. તંત્રી સ્થાનેથી
2. જ્ઞાતિ ગૌરવ
3. ભારતીય સંસ્કૃતિ અનુપમ
4. અસાધારણ સામાન્ય સભા
5. આમંત્રણ (સુદરકાન્ડ)
6. દાન સરવણી
7. મૃત્યુનોધ

## જાહેરાતના દર

ફોર કલર

| | | | |
|---|---|---|---|
| | રૂ. | 6000/- | સ્પોન્સરશીપ |
| | રૂ. | 1500/- | કલર પેજ આખુ |
| | રૂ. | 750/- | કલર પેજ અડધુ |
| B/W | રૂ. | 1000/- | અંદરનું આખુ પેજ |
| B/W | રૂ. | 500/- | અંદરનું અડધુ પેજ |

- સ્પોન્સરશીપ આપનારને ટાઈટલ-1 ઉપર તેમના કુળદેવીનો ફોટો તથા નામ વિગત તથા ટાઈટલ-2 ઉપર તેમના દ્વારા અપાતી મેટર આપી શકાશે. આ ઉપરાંત અંદરનું એક સાદુ ફૂલ પેજ મળશે.
- સદભાવમાં પ્રગટ થતા લેખ-જાહેરાતના સમાવેશનો નિર્ણય તંત્રી-સંપાદક મંડળને આધીન રહેશે.
- સદભાવમાં પ્રગટ થતા લેખ અને લેખક જવાબદાર છે. લેખમાં પ્રગટ થતા વિચારો કે લેખ સાથે સદભાવ સહમત હોય તે અનિવાર્ય નથી.

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદના નામનો ચેક મોકલવો. કેશ ભરનારે સ્લીપ સંસ્થાને મોકલી આપવી,

| | |
|---|---|
| પંજાબ નેશનલ બેંક, બાપુનગર અમદાવાદ | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, બાપુનગર, અમદાવાદ |
| 2138000100044823 | 454802010590599 |
| IFSC : PUNB0213800 | IFSC : UBIN0545481 |

**તંત્રી સ્થાનેથી...**

# દીપાવલી

**હિતાક્ષીબેન ચેતન વ્યાસ**

આત્મીય જ્ઞાતી પરિવાર

સ્નેહ ભર્યા વંદન

સનાતન ધર્મનો તહેવાર દીપાવલી એ ધન, જ્ઞાન, સમૃધ્ધિ અને આરોગ્ય માટે દેવી સરસ્વતી, દેવી કાલીકામા, દેવી લક્ષ્મીમા, ભગવાન ધન્વન્તરી અને ભગવાન ગણેશજીના સ્વાગત માટે તેમની કૃપા પ્રાપ્ત કરવા માટે ઘર સાફ કરવામાં આવે છે, સફાઈ કરવાથી ઘરમાં સંચિત નકારાત્મક ઉર્જાઓ દૂર થાય છે. અને ઘરની જ સફાઈ નહિં પરંતું મનમાં ઉદભવેલા દ્વેશભાવ, ખટરાગ, એકબીજાનો અણગમો વેરભાવ ભૂલાવીને જીવનના અંધકારને પ્રકાશમય બનાવવાનું પર્વ છે.

દિવાળી એ સમગ્ર દેશમાં પાંચ દિવસ સુધી આનંદ અને હર્ષોલ્લાસથી ઉજવવાનો ઉત્સવ છે. જેનો પ્રારંભ વદ-12તીથી થી થાય છે જેને લોકભાષામાં વાઘબારસના નામથી ઓળખવામાં આવે છે. પરંતુ ખરેખરે એ વાઘબારસ નહી પરંતુ વાક્-બારસ એટલે કે વાણીની અધિષ્ટાત્રી દેવી સરસ્વતીમાં નું પૂજન કરવાનું મહત્વ છે. જે સત્વગુણનું પ્રતિનિધિત્વ કરે છે. જેનાથી પરિવારોમાં અંદરો-અદરનો અણગમો, વેરભાવ, દોષોને ભૂલીને સંપથી નવું વર્ષ પસાર થાય તેવું આહવાહ્ન કરવાનું હોય છે.

તેના પછી આસોવદ-13 ધનતેરસ કહેવાય છે જે ધનની દેવી લક્ષ્મીનું પૂજન કરવાનું હોય છે નવા વર્ષમાટે ધન, સમૃધ્ધિ માટેનું આહવાહ્ન કરવાનું હોય છે પરંતુ ખરેખર મૂળભૂત રીતે તે ધન્વન્તરી તેરસ કહેવાય છે. આ દિવસે ઉત્તમ સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે ભગવાન ધન્વન્તરીનું પૂજન કરવાનું વિધાન છે કેમ કે

"શરીરં આદ્યં ખલુ ધર્મ સાધનમ્ "

શરીર સ્વસ્થ હશે તો જ સાચા સુખની પ્રાપ્તિ સફળ બનશે આમ આ દિવસે દેવી લક્ષ્મી અને ભગવાન ધન્વંતરીનું આહવાહ્ન કરવાનું હોય છે.

તેના પછી આસોવદ-14 કાળીચૌદસ નામે ઓળખાય છે. આ દિવસે નકારાત્મક ઉર્જાનો નાશ સાથે સંકળાયેલો છે. જે કાળંજયી મહાકાળી દેવી ની ઉપાસના સાથે જોડાયેલો છે. તેથી આ દિવસને કાલીસ્વરૂપ તેમજ મૃત્યુંજય મહાકાલ, તેમજ રૂદ્રાવતાર હનુમાન, કાલભૈરવ, શનિદેવ, વગેરેના પૂજન નું મહત્વ છે. જે અંધકાર, ભય, ક્રોધ, આદિ ખડરિપુઓનો નાશ કરે છે જે નવા વર્ષમાં આવતા વિધ્નો, ક્રોધ, જીવનમાં આવતા અંધકાર, દ્વેશભાવનાને દૂર કરવા માટે ના દેવોનુ આહવાહ્ન કરવાનું હોય છે.

તેના પછી આસોવદ-30 એટલે કે દિવાળીના દીવસે દેવી શ્રીલક્ષ્મીનું પૂજન કરવાનું હોય છે લક્ષ્મી એટલે કેવળ ધન, પૈસા જ નહિ પરંતું સદમાર્ગે આવેલા ધન, ધાન્ય, વૈભવ, સંતાન, સંતૃષ્ટી આદીનું સારી રીતે નિભાવ થાય તે માટેનું પૂજન કરવાનું હોય છે.

આ દિવસે રાવણને હરાવીને ભગવાન શ્રી રામ તેમના રાજ્ય અયોધ્યામાં પધાર્યા હતા તેની ઉજવણી કરવામાં આવે છે.

ખાસ કરી ને આ દિવસે ધનની દેવી શ્રી લક્ષ્મીમાતા અને ભગવાન ગણેશજીનું આહવાન કરવામાં આવે છે.

તેના પછી કારતક સુદ-1 જે વિક્રમ સવંતનું નવું વર્ષ ગણાય છે. જે દિવસે પરીવારમાં ભેદભાવ, અણગમો ભૂલીને સ્વજનોનો મળવાનું અને વડીલોના આશિર્વાદ મેળવવાના હોય છે.

આ દિવસે કૃષ્ણ મંદિરોમાં ગોવર્ધન પૂજા થાય છે એવું માનવામાં આવે છે કે ઈન્દ્રદેવનું અભિમાન ઉતારવા ભગવાન શ્રી કૃષ્ણએ પોતાની ટચલી આંગળીએ ગોવર્ધન પર્વત ઉપાડ્યો હતો અને ગોકુળવાસીઓનું રક્ષણ કર્યું હતું.

અંતમાં કારતક સુદ-2 ભાઈબીજ તરીકે ઓળખાય છે ભાઈ અને બહેન વચ્ચેના બંધનને ઉજવવાનો દિવસ છે બહેન તેના ભાઈને પોતાના ઘરે બોલાવી સારા પકવાન જમાડી કપાળ પર તિલક લગાવી ભાઈના લાંબા આયુષ્ય અને સુખાકારી માટે પ્રાર્થના કરે છે

આ સાથે હું જ્ઞાતિપરિવાર માટે પ્રાર્થના કરીશ દુનિયા જેને સુખ, સમૃધ્ધિ, ઐશ્વર્ય કહે છે તે સર્વ આપ સૌના પરીવારમાં પ્રાપ્ત થાય

સમગ્ર દેવી દેવતાઓને પ્રાર્થના કરીશ કે અમારો ઔદિચ્ય સહસ્ત્ર પરિવાર અને “સદભાવ” સામાયિક ઉન્નતીના સોપાન સર કરે અને દુન્યવી સુખ, સમૃધ્ધિ, ઐશર્યથી ભરપૂર થાય તથા પરીવારના વિદ્યાર્થી બાળકોની દિવસે દિવસે પ્રગતિ થાય અને સમાજના દરેક ક્ષેત્રમાં નામના થાય તેવી શુભકામના સાથે .......

**સદભાવ તંત્રી તરીકે આ મારો પ્રથમ પ્રયાસ છે. તો કોઈ ભૂલચૂક રહી ગઈ હોય તો માફ કરશો...**

## જ્ઞાતિ ગૌરવ

1. શ્રી નિધિ ગોપેશભાઈ ત્રિવેદીને શ્રી રમણભાઈ પટેલ-AMA રાજ્ય કક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ આપવામાં આવે છે.
2. ડૉ. મિલન પંડિતને 7મી ઓલ ઈન્ડિયન પ્રિઝન ડ્યુટી મીટ 2025, હૈદરાબાદ ખાતે યોજાયેલ, જેમા ગુજરાત રાજ્ય તરફથી પ્રોબેશન ઓફિસરની સ્પર્ધામાં ગુજરાતની ટીમ ત્રીજાક્રમે વિજેતા થયેલ છે અને “Bronze” મેડલ મેળવેલ છે. તેમન આ સફળતા માટે ખૂબ ખૂબ અભિનંદન અને સુભકામનાઓ.
3. કાવ્યા હિતેશભાઈ જોષી અમદાવાદ નિકોલખાતે આયોજિત “BOXING TOURNAMENT” માં SGFL GUJARAT STATE CHAMPIONSHIP UNDER 19 GOLD WIN પ્રાપ્ત કરેલ છે. તેમની આ સફળતા માટે ખૂબ ખૂબ અભિનંદન
4. શ્રી નીખીલ શાંતીલાલ વ્યાસ ( એડવોકેટ ગુ. હા.કોર્ટ)ની નોટરી તરીકે ભારત સરકારે નિમર્ણક કરી છે તેમને હાર્દીક અભિનંદન.

# ભારતીય સંસ્કૃતિ અનુપમ

**સંકલન : દક્ષાબેન મગનલાલ ત્રિવેદી**

ભારતીય સંસ્કૃતિ અનુપમ, અદ્વિતીય અને અતિ વિલક્ષણ છે. એના બધા જ સિદ્ધાંત રીત-રિવાજ અને આચર વ્યવહાર લોક કલ્યાણકારી છે. જેને પોતાની ખાસ વિશેષતા અને મહત્તા છે. ભારતીય સંસ્કૃતિનો મૂળ આધાર વિજ્ઞાનનો છે જે માનવ જીવનની આધારભૂત શિલા છે, આ સંસ્કાર જ છે જે સાચા અર્થમાં સંપૂર્ણમાનવ બનાવે છે અને બીજા પ્રાણીઓથી અલગ કરી શ્રેષ્ઠતમ આસન પર બીરાજમાન કરે છે.

આપણાં શાસ્ત્રોમાં સોળ સંસ્કરોનો ઉલ્લેખ છે જે નીચે પ્રમાણે છે.

ગર્ભાધાન, પુંસવન, સીમંતોન્નયન, જાતકર્મ, નામકરણ, નિષ્ક્રમણ, અન્નપ્રાશન, ચૂડાકર્મ, કર્ણછેદન, વિદ્યારંભ, ઉપનયન, સમાવર્તન, વિવાહ, વાનપ્રસ્થ, સંન્યાસ, અને અંત્યેષ્ટિ (અંતિમ સંસ્કાર) આ બધા સંસ્કાર સમયાંતરે સંપૂર્ણ વિધિ ક્રિયા સાથે સંપન્ન કરવામાં આવતા હતા.

પ્રાચનકાળમાં ગર્ભસંસ્કાર વિદ્યા આરંભ સુધી ના સમયાંતરે દશ સંસ્કાર કરવામાં આવતા હતા જે માનવીને કર્મ ક્ષેત્રમાં પ્રવૃત્ત થવા માટે વિશેષતા પ્રદાન કરાવતા હતા. અગિયારમો સંસ્કાર ઉપનયન એટલે કે જનોઈ ધારણનો થતો હતો. તેરમો સંસ્કાર થતો “વિવાહ સંસ્કાર”. સંસ્કારથી માણસને સાધારણથી વિશિષ્ટ બનાવવાની પ્રક્રિયા થોય છે, આ સંસ્કારો દ્વારા સંસ્કમરણમ્ ઈતિ સંસ્કાર.

“વિવાહ સંસ્કાર” હિન્દુ સંસ્કૃતિમાં ખૂબ આદરણીય છે. માનવીને સ્વચ્છંદીપણાથી બચાવવા ઉત્તમ સંતાનોત્પતિ માટે આપણા પૂર્વજોએ લગ્ન વ્યવસ્થાને માન્યતા આપી છે. વિવાહ સ્નેહની વ્યવસ્થા છે, જે બે હૃદયો (દિલને) પ્રેમ અને અતુટ બંધનમાં બાંધે છે અને માનસિક, આધ્યાત્મીક અને શારીરિક રૂપથી ઈન્દ્રિયોને વિકસાવે છે.

સૃષ્ટીમાં પ્રકૃતિની રચના ખૂબજ સુંદર રીતે વિકસિત કરવામાં આવી છે એકલા વ્યક્તિનું અહીં કોઈ મહત્વ નથી. દરેક જગ્યાએ આત્મા જોડી બનાવીને આગળ વધે છે. વિવાહ દ્વારા સ્ત્રી-પુરુષ એક યુગલના રૂપમાં સંતુલિત જીવન જીવવાની પ્રેરણા મેળવે છે. નહિતો સમાજમાં વિકૃતિઓ આવતાં વાર લાગતી નથી. સ્ત્રી શક્તિ છે અને પુરુષશક્તિમાન, બન્ને એકબીજાના પૂરક છે, સૃષ્ટિએ બન્નેને જૂદા-જુદા ગુણ સ્વભાવ આપ્યા છે જે એક થઈને પૂર્ણતા પ્રાપ્ત કરે છે એટલા માટે આપણા શાસ્ત્રોમાં કોઈ પણ ધાર્મિક કે સામાજીક અનુષ્ઠાન પુરુષને એકલા કરવાની આજ્ઞા આપવામાં નથી આવી અને પત્ની ધર્મપત્ની કહેવાય છે બન્નેને સરખા અધિકાર આપવામાં આવ્યા છે.

વિવાહસંસ્કાર પહેલાં તમે એકલા હો છો. જવાબદારી રહિત જિંદગી વિતાવો છો વિવાહ પછી તમે સમાજનું વૈધાનિક અંગ બન જાવ છો બે અત્માઓનું એકીકરણ થઈ જા છે તેથી આપણાં શાસ્ત્રોમાં “તલાક” શબ્દ નથી મળતો. આત્મિક એકીકરણ પછી જુદા થવું કેવું ?

આજે પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ હેઠળ એક કાગળ પર સહી કરી દેવાથી વિવાહ વિચ્છેદ થઈ જાય છે પરિણામે એવા વિવાહ એક સંસ્કાર ન થઈને સમાધાન થઈ જાય છે અને સમાધાન તો થાય છે જ તૂટવા માટે, તેથી આશ્ચર્ય નથી કે વર્તમાન યુગમાં વિવાહ વિચ્છેદ એટલે તલાકના બનાવો બનતા રહે છે.

ભારતીય સંસ્કૃતિમાં વિવાહ સંસ્કાર જીવન જવવાની કળા છે. તેના કારણે બે તત્વો એક થઈને કર્મનાં ક્ષેત્રમાં પદાર્પણ કરે છે અને જીવન પ્રવાહમાં મળી જાય છે. આ પ્રવાહ નિર્વાહ ન બની સ્વયં પ્રવાહિત બને તેની કળા શીખવે છે આપણાં સંસ્કાર જેમ તેમ વિકાસ નહિ પરંતુ વિધિપૂર્વક, વિજ્ઞાનપૂર્વક વિશિષ્ટતાથી દરેક એકબીજાના સાથ સહકારથી વિકાસ કરવો એ જ છે આપણો વૈદિક વિવાહનો સાર નિર્વાહ ને પ્રવાહની સાથે જોડવા માટે વિવાહસૂત્ર હોય છે જેમાં “વિ” થી તમે શીખો છો વિશેષતા, વિશાળતા, વિજ્ઞાન, વિધિ તથા વિકાસ (જે વિવાહ બની જાય), અને ત્યારે આવી જાય છે જીવનની ધારાથી જોડીને પોતાની જાતમાં સ્વયં પ્રવાહ, એવો પ્રવાહ જે સતત નિરંતર અતૂટ ગતિથી વહ્યા કરે જે ઘરને બનાવે મુક્તિગૃહ, એક તીર્થસ્થાન જ્યાં બંધનમાં બંધાઈને પતિ-પત્નિ સ્વતંત્ર વિચરણ કરી ઉત્તમ સંતતિને જન્મ આપી, સૃષ્ટિનાં ઋણીથી ઋણ હીન થઈ શકે આ ત્યારે જ શક્ય છે જ્યારે પતિ-પત્નિ એક બીજા પ્રત્યે પૂર્ણ સમર્પિત અને સંતુષ્ટહોય, વૈવાહિક પરંપરા જ્યારે શુદ્ધ અને સાત્ત્વિક હશે ત્યારે જ ઉત્તમ સંતાન ઉત્પન્ન થશે જે આગળ ચાલીને દેશ અને સમાજને પ્રગતિના પંથે અગ્રિમતા આપશે.

જો આપણી આવનારી પેઢી વિવાહની ગરિમાનો સ્વિકાર નહી કરે તો કોણ જાણે કેટલા અસંસ્કૃત દેશોનું નિર્માણ થશે તે કહેવું મુસ્કેલ છે આજના સમયમાં વિવાહસંસ્કારના મહત્વને સમજીને માન્યતા આપવી એ સમયની જરૂર નહિ પરંતુ પરમ આવશ્યકતા છે.

## શુભ સમાચાર

જોષી પરિવારના સુપુત્ર ચી. વિદિત ની સગાઇ અમદાવાદ નિવાસી સૌ. લતાબેન તથા શ્રી અતુલભાઈ દલપતરામ દવેની સુપુત્રી ચી. ધ્રુવી સાથે રવિવાર, તારીખ ૦૫' ઑક્ટોબર ૨૦૨૫ ના રોજ ગાંધીનગર (ગુજરાત) ખાતે સંપન્ન થયો.

## ॥ પિતાનો પત્ર પુત્રીને ॥

ચિ. વહાલી દીકરી રૂચિ...

અમારી દિકરી રચિ થકી ધન્ય થઈ ગયા ! આજ અમારા આંગણા માટે હે દિકરી બાળપણના સંભારણા ને અરમાનોના પાથરણા લઈ કુમકુમ પગલે હોંશભેર ડગલે, પ્રેમપંથે પગલી પાડતી તારા નૂતન જીવનનની સુહાની સફર સહજીવનની મંગલમય યાત્રા અખંડ સૌભાગ્ય પ્રત્યે પ્રસ્થાન કરે છે. ત્યારે અમારા અંતરના અઢળક આશીર્વાદ તારી સાથે છે. મારા જીવનની તમામ પૂનાઈ તારા પાલવમાં છે.

અમારી શકિત મતિ મુજબ તારામા સુસંસ્કાર રેડી, તારા જીવનનું ઘડતર કરી આજે સુંદર સમજદાર અને સુયોગ્ય જીવન સાથીના હાથમાં તારૂ કન્યાદાન કરીને અમે જીવતરનો રમ્ય સંતોષ પામીએ છીએ ત્યારે તારા જીવનને ઝળહળ કરતી તારો સંસાર સુગંધી બનાવતી બે'ક વાત કહુ છું સાંભળ બેટા.

સહનશીલતા તારું વ્રત, મર્યાદા તારું ઘરેણું અને પ્રેમ એ જીવન માનીને જ જીવન જીવજે. માન અપમાનને કદી અંગ ન લગાડતી, ન ધ્યાનમાં ધરતી પરંતુ ધુપસળીની માફક સદા મહેંકતી રહેજે પંછીની જેમ ચહેકતી રહેજે બેટા, ‘સ્વ’નો પટમાં લોપ કરી તુ પરમાર્થી બનજે, ભક્તિની શક્તિથી આતમના અજવાળે ભર્યા ભર્યા જીવતરથી તું બંને કુળને અજવાળજે. સત્ય, સેવા, સદાચાર, સ્નેહ અને સમજણના રતન જેવુ પચરંગી પાનેતર પહેરજે. અને એનુ અહર્નિશ જતન કરજે.

દિકરી તને વળાવીને ઘરમાં પાછા ફરતા અને બધી જ વસ્તુઓ મેળવી, યથાસ્થાને ગોઠવી દઈશુ બધુ જ મળી જશે ભરાઈ જશે.

પણ ભીતરનો ખાલીપો.... બેટી નહીં ભરાય ને આંખોના વહેણ વાટે એક ખારી ફરિયાદ સદાય ટપકયા કરશે.

દિકરી જાણ્યે અજાણ્યે પણ તને કયારેય દુભાવી હોય તારા અરમાનમાં અવરોધ ઉભા કર્યા હોય કે તને ઓછપ ઉણપ આવવા દીધી હોય તો ઉદાર દિલે આ બેબશ બાપને માફ કરજે. બેટા સાવિત્રી અને સત્યવાન, રામ અને સીતા, શ્રીકૃષ્ણ અને રાધા કે શિવ અને પાર્વતી જેવું તારું સૌભાગ્ય અખંડ, અજર, અમર રહે. સુખ, શાંતિ અને સમૃદ્ધિ થી છલોછલ વહે એજ અંતરના આશિષ.

## ॥ મંગલ વિદાય વેળાએ... ॥

કલાકુંવરી રૂચિ,

ધીમે ધીમે કુમકુમ પગલે, સ્નેહ સાગરમાં વિહરતી તારી જીવન નૌકા આજે સહજીવનની મંગલ યાત્રા આરંભે છે, ત્યારે...

અમારા હૈયાના લાખ આશીર્વાદ તારી સાથે છે... આજે 'વિપુલ' જેવા સૂયોગ્ય જીવનસાથીના હાથમાં તારો હાથ સોંપતાં આનંદની ઊર્મિઓ ઊછળી રહી છે,છતાં, બેટા !

૧. ત્યાગ તારો સ્વભાવ, પ્રદાન તારો ધર્મ, સહનશીલતા તારું વ્રત અને પ્રેમ એ જ જીવન માનીને જીંદગી જીવજે.

૨. સત્યથી જગતને, વિવેકી વચનોથી સગાંવહાલાને, ભક્તિ-ભાવથી પતિને, સમર્પણથી કુટુંબને, શાંત-શીતલ સ્વભાવથી ક્રોધને, આનંદથી સખીઓને અને કર્તવ્યનિષ્ઠાથી વડીલોને રીઝવજે.

૩. તારા પતિને પરમેશ્વર માની તેની પૂજા કરજે. તારાં સાસુ-સસરાને મા-બાપ માનીને તેમની સેવા કરજે, નણંદને બહેન સમાન માનીને કુટુંબમાં સંપીને રહેજે.

૪. તારા ઘરની આવક કરતા કદી વધારે ખર્ચ કરવો નહી. તારા સાસરિયાંનાં સુખે સુખી અને દુ:ખે દુ:ખી થજે, પિયરના સુખનાં વખાણ કયારે ન કરતી ઘરમાં બધાંનુ ધ્યાન રાખજે.

૫. માન-અપમાનને કદી ધ્યાનમાં ન લઈ, ધૂપસળીની જેમ સદા મહેંકતી રહેજે 'સ્વ' નો 'પર' માં લય કરી પરમાર્થી બનજે.

૬. ધર્મે અને ભક્તિસભર જીવતરથી તું બન્ને કુળને ઉજાળજે. સાવિત્રી અને સત્યવાન, શ્રીકૃષ્ણ અને રુકમણિજી અને શિવ-પાર્વતી જેવુ તારું અખંડ સૌભાગ્ય રહો.

૭. સત્ય, સ્નેહ સ્વાર્પણ, સમર્પણ અને સુશીલતાનાં પંચરંગી પાનેતર સાથે આજે જ્યારે તું વહાલસોયા-દાદાજીની છાયા, માની મમતાનો ખોળો ને બાપનું બારણું છોડીને જઈ રહી છે. ત્યારે દીકરી જગતનું તમામ મનોવાંછિત તથા પ્રભુભકિત તને પ્રાપ્ત થાઓ.

૮. સુમન તવ જીવનનું સદા ખીલતું રહે, ખીલતી રહે કળીઓ સદા,
રચતાં રહો જે કલ્પના તે સદા સકાર હો. હો માર્ગ મંગલમય સદા.

**શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાસાચરો બ્રહ્મસમાજ, અમદાવાદ.**

**ર.જી.નં. એ-2745 તા. 13.10.1982**

**417, શાયોના આર્કેડ, દિનેશ ચેમ્બર્સ સામે, શ્યમશિખર ચારરસ્તા,**

**બાપુનગર, અમદાવાદ – 380025, મો. 9998000450**

# અસાધારણ સામાન્ય સભા

તા. 03.11.2025,

આપણી સંસ્થાની અસાધારણ સામાન્યસભા તા. 23.11.2025ને રવિવારના રોજ સવારે 10.30 વાગે, સોમનાથ મહાદેવ મંદિર, બાપુનગર, અમદાવાદ ખાતે મળશે તો સૌ જ્ઞાતિજનોને સમયસર હાજર રહેવા નમ્ર વિનંતી છે.

કાર્યસૂચી

1. તા 03.08.2025ની વાર્ષિક સાધારણ સભાના ઠરાવો મંજુર કરવા બાબતે.
2. તા.03.08.2025ની વાર્ષિક સાધારણ સભામાં નિયુક્ત થયેલા પ્રમુખશ્રી, મંત્રીશ્રી અને સહમંત્રીશ્રીએ રાજીનામા આપતા આજની સભામા બંધારણ મુજબ નવા હોદ્દેદારોની ચુંટણી/નિમણુંક/વરણી કરવા બાબત તથા જરૂર જણાયે નવા/ખૂટતા કારોબારી સભ્યોની ચુટણી/નિમણુંક/વરણી કરવા બાબત.
3. નાણાંકીય વર્ષ 2025-2026 માટે ઈન્ટરનલ અને એક્ટર્નલ ઓડીટર (સી.એ.)ની નીમણુક કરવા બાબત.
4. સસ્થાની તા. 07.01.2023ના રોજ મુકેલ ફિક્સ ડીપોઝીટો તા. 07.01.2026ના રોજ પાકે છે.તે રીન્યુ કરવા અથવા બંધારણ મુજબ વધુ વ્યાજ મળે તેવી સરકાર માન્ય સ્કીમમાં રોકાણ કરવા બાબત.
5. ઘણાં વર્ષોથી નાણાંકીય ભંડોળ વધારવાના કાર્યક્રમનું આયોજન કરી શકાયુ નથી તો આગામી સમયમાં આ બાબત આયોજન કરવા બાબત.
6. પ્રમુખશ્રી દ્વારા તથા તેમની મંજુરીથી જે રજુ થાય તે બાબતે વિચારણા કરવા બાબત.

આભાર સાથે

આપના વિસ્શ્વાસુ


| | | | |
|---|---|---|---|
| કાર્યકારી પ્રમુખ | શ્રી ધર્મેન્દ્રભાઈ વસંતભાઈ પંડિત | મે. ટ્રસ્ટી | શ્રી કિશોરભાઈ કુલશંકર પંડિત |
| કાર્યકારી ઉપપ્રમુખ | શ્રી દિપેનભાઈ બાબુભાઈ વ્યસ | ટ્રસ્ટી | શ્રી હરેશભાઈ રવિશંકર જોષી |
| કાર્યકારી મંત્રી | શ્રી દર્શનભાઈ અરવિંદભાઈ ત્રિવેદી | ટ્રસ્ટી | શ્રી ભાસ્કરભાઈ નાનાલાલ ભટ્ટ |
| કાર્યકારી સહમંત્રી | શ્રી મિહિર હિમાંશુભાઈ ભટ્ટ | ટ્રસ્ટી | કુ. દક્ષાબેન મગનલાલ ત્રિવેદી |

સલાહકાર

શ્રી ડૉ.પ્રશાંતભાઈ ગણપતભાઈ આચાર્ય — શ્રી સુરેશભાઈ ત્રિભોવનદાસ દવે

# આમંત્રણ

# સુંદરકાંડ પાઠ

શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રહ્મસમાજ, અમદાવાદ. દ્વારા આગામી તા. 23.11.2025ને રવિવારે સવારે 8.00 વાગે સોમનાથ મહાદેવ મંદિર, બાપુનગર, અમદાવાદ ખાતે ડૉ. તીથીબેન શૈલેન્દ્રભાઈ ત્રિવેદીના મુધર કંઠે , સંગીત સાથે જ્ઞાતિ સમાજના સર્વાંગી વિકાસ, સંગઠન વૃધ્ધિ, સદભાવના અને હનુમાનજી મહારાજના આશિર્વાદ માટે સુંદરકાંડ પાઠનું આયોજન કરવામાં આવેલ છે. સર્વે જ્ઞાતિજનોને આ શુભમંગળ કાર્યક્રમમાં હાજર રહેવા વિતંતી છે.

નોધ - સુંદરકાંડ માટે પાંચ યજમાનો નીચે મુજબ નોંધાયેલ છે.

1. શ્રી ધર્મેન્દ્રભાઈ પંડિત રૂ. 5000/-
2. શ્રી કિશોરભાઈ પંડિત રૂ. 5000/-
3. શ્રી ભાસ્કરભાઈ ભટ્ટ રૂ. 5000/-
4. કુ. દક્ષાબેન ત્રિવેદી રૂ. 5000/-
5. શ્રી દિપેનભાઈ વ્યાસ રૂ. 2500/-

સૌને યજમાનપદ સ્વીકારી નાણાકિય સહયોગ આપવા માટે શ્રી કિશોરભાઈ પંડિત, શ્રી ધર્મેન્દ્રભાઈ પંડીત, શ્રી દર્શન ત્રિવેદી અને શ્રી મિહિર ભટ્ટને ફોન પર નોંધાવવા વિનંતી.

**સુંદરકાંડ પાઠ અને અસાધારણ સામાન્ય સભાની સમાપ્તિ પછી**
**સૌને ભોજન માટે જોડાવા નમ્ર વિનંતી છે.**

**ભોજન માટે સંખ્યા ફોનથી નોંધાવવા માટે**

શ્રી કિશોરભાઈ પંડિત, શ્રી ધર્મેન્દ્રભાઈ પંડીત, શ્રી દર્શન ત્રિવેદી અને શ્રી મિહિર ભટ્ટને

| | | | |
|---|---|---|---|
| કાર્યકારી પ્રમુખ | શ્રી ધર્મેન્દ્રભાઈ વસંતભાઈ પંડિત | મે. ટ્રસ્ટી | શ્રી કિશોરભાઈ કુલશંકર પંડિત |
| કાર્યકારી ઉપપ્રમુખ | શ્રી દિપેનભાઈ બાબુભાઈ વ્યસ | ટ્રસ્ટી | શ્રી હરેશભાઈ રવિશંકર જોષી |
| કાર્યકારી મંત્રી | શ્રી દર્શનભાઈ અરવિંદભાઈ ત્રિવેદી | ટ્રસ્ટી | શ્રી ભાસ્કરભાઈ નાનાલાલ ભટ્ટ |
| કાર્યકારી સહમંત્રી | શ્રી મિહિર હિમાંશુભાઈ ભટ્ટ | ટ્રસ્ટી | કુ. દક્ષાબેન મગનલાલ ત્રિવેદી |

સલાહકાર

શ્રી ડૉ.પ્રશાંતભાઈ ગણપતભાઈ આચાર્ય — શ્રી સુરેશભાઈ ત્રિભોવનદાસ દવે

# દાન સરવણી

## વિધવા સહાય

| | | |
|---|---|---|
| 25000 | સ્વ. વિષ્ણુપ્રસાદ, સ્વ. ચંદ્રકાન્તભાઈ ત્રિવેદી, પ્રફૂલભાઈ વી .ત્રિવેદી, પંકજભાઈ વિ. ત્રિવેદી, સંજયભાઈ વિ. ત્રિવેદી | 9709 |
| 11000 | સ્વ રક્ષાબેન મુકુન્દરાય શુક્લ | 9698 |
| 5100 | વિપિનભાઈ પંડ્યા | 9692 |
| 5001 | સ્વ.મધુરીકાબેન ઈન્દુભાઈ આચાર્ય સ્મરણાર્થે હસ્તે દેવર્ષી મહેતા, જયપ્રકાશ ઈન્દુભાઈ તથા અમિતભાઈ ઈન્દુભાઈ આચાર્ય | 9708 |
| 5000 | લક્ષ્મીશંકર શાંતિલાલ રાવલ | 9693 |
| 5000 | હર્ષાબેન રાજેશકુમાર રાવળ, અડતાળા દોહિતર | 9710 |
| 3305 | શ્રી કિરણભાઈ દવે | 9683 |
| 250 | નવીનચંદ્ર તુલજાશંકર રાવલ | 9706 |

## ખુશી ભેટ

| | | |
|---|---|---|
| 5001 | શ્રી ભાસ્કરભાઈ નાનાલાલ ભટ્ટ | 9684 |
| 2000 | સંજીવકુમાર જોશી | 9695 |
| 1001 | ભાનુબેન કમલભાઈ ત્રિવેદી | 9686 |
| 1000 | અરવિંદાબેન રમણલાલ મહેતા એમના જન્મદિવસ નિમિત્તે ખુશી ભેટ | 9704 |
| 500 | ભાનુબેન કમલકાન્ત ત્રિવેદી ખુશી ભેટ | 9689 |

## સદભાવ જાહેરાત

| | | |
|---|---|---|
| 6000 | મહેતા રાજુભાઈ મનસુખભાઈ અને વ્યાસ કલ્પેશભાઈ ભાસ્કરભાઈ | 9691 |
| 6000 | દીપનકુમાર બાબુભાઈ વ્યાસ | 9699 |
| 1500 | ભાસ્કરભાઈ નાનાલાલ ભટ્ટ | 9685 |
| 1500 | વિપિનભાઈ પંડયા | 9690 |
| 1500 | દીપનભાઈ બાબુભાઈ વ્યાસ | 9696 |
| 1500 | જનકભાઈ જોશી નવેમ્બર અંક માટે સદભાવ જાહેરાત | 9697 |
| 1500 | કિશોરભાઈ કુલશંકર પંડિત | 9700 |

## જ્ઞાતિ આજીવન લવાજમ

| | | |
|---|---|---|
| 500 | વ્યાસ અમીત દિપકકુમાર | 9687 |
| 500 | વ્યાસ દીપકભાઈ ઘનશ્યામભાઈ | 9688 |

## વાડી ફંડ

| | | |
|---|---|---|
| 3000 | લક્ષ્મીશંકર શાંતિલાલ રાવલ | 9694 |

## સુંદરકાંડ પાઠના યજમાન

| | | |
|---|---|---|
| 5000 | કિશોરભાઈ કુલશંકર પંડિત | 9701 |
| 5000 | ધર્મેન્દ્રભાઈ વસંતભાઈ પંડિત | 9702 |
| 5000 | ભાસ્કરભાઈ ભટ્ટ | 9705 |
| 5000 | દક્ષાબેન ત્રિવેદી | 9707 |
| 2500 | દીપનભાઈ બાબુભાઈ વ્યાસ | 9703 |

## જય મહાદેવ


શ્રી ઔદિચ્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રાહ્મણ જ્ઞાતિમંડળ – ભાવનગર આપના સાથ સહકારથી 18મા સમુહ યજ્ઞોપવિત/13મા સમુહ લગ્નનું આયોજન કરવા જઈ રહ્યુ છે. તા. 08.02.2026ના રોજ આ કાર્યક્રમનું આયોજન રાખેલ છે

જેની અન્ય વિગતો ટૂંક સમયમાં જણાવવામાં આવશે.
આભાર સહ..
કારોબારી સમિતી

# અવસાન નોંધ

1. અરુણકુમાર અનંતરાય રાવલ (ભાવનગર)નું તા. 12.09.2025ના રોજ અવસાન થયેલ છે.
2. રમેશભાઈ હરીભાઈ રાવલ (ઉ.વ. 75, લાઠી)નું તા. 17.09.2025ના રોજ અવસાન થયેલ છે.
3. યામીનભાઈ મહેન્દ્રભાઈ ભટ્ટ (ઉ.વ. 45, રાજુલા)નું તા. 20.09.2025ના રોજ અવસાન થયેલ છે.
4. હર્ષદરાય મનસુખલાલ ત્રિવેદી (ઉ.વ. 86, અમદાવાદ)નું તા. 21.09.2025ના રોજ અવસાન થયેલ છે.
5. પ્રતિક્ષાબેન હેમંતકુમાર વ્યાસ (ઉ.વ. 62, વડોદરા)નું તા. 24.09.2025ના રોજ અવસાન થયેલ છે.
6. પ્રતિમાબેન મુકેશભાઈ ઉપાધ્યાય (ઉ.વ. 72, મુંબઈ)નું તા. 26.09.2025ના રોજ અવસાન થયેલ છે.
7. લલીતાબેન બળવંતરાય દવે (ઉ.વ. 90, ભાવનગર)નું તા. 26.09.2025ના રોજ અવસાન થયેલ છે.
8. હંસાબેન વિનોદભાઈ દવે (અમદાવાદ)નું તા. 29.09.2025ના રોજ અવસાન થયેલ છે.
9. લતાબેન યોગેશભાઈ શુક્લ (ભાવનગર)નું તા. 01.10.2025ના રોજ અવસાન થયેલ છે.
10. લલિતાબેન તુલજાશંકર રાવલ (ઉ.વ. 100, સુરત)નું તા. 03.10.25ના રોજ અવસાન થયેલ છે.
11. શારદાબેન મનસુખભાઈ રાવલ (અમદાવાદ)નું તા. 02.10.2025ના રોજ અવસાન થયેલ છે.
12. મંજુલાબેન વિષ્ણુપ્રસાદ ત્રિવેદી (ઉ.વ. 89, કૃષ્ણગઢ)નું તા. 08.10.2025ના રોજ અવસાન થયેલ છે.
13. મધુરીકાબેન ઈન્દુભાઈ અચાર્યનું તા. 08.10.2025ના રોજ અવસાન થયેલ છે.
14. મનહરલાલ મણિશંકર શુક્લ (ઉ.વ. 86, ભાવનગર)નું તા. 12.10.2025ના રોજ અવસાન થયેલ છે.
15. પરશુરામભાઈ ભાનુંશંકર શુક્લ (સિહોર)નું તા.16.10.2025ના રોજ અવસાન થયેલ છે.
16. શ્રીમતી અનિતા ઉમેશકુમાર આચાર્ય (ઉ.વ. 57.કલ્યાણ મહારાષ્ટ્ર)નું તા. 22.10.2025ના રોજ અવસાન થયેલ છે.
17. અનસુયાબેન હર્ષદભાઈ ત્રિવેદી (ઉ.વ.85, સાવરકુંડલા)નું તા. 24.102025 ના રોજ અવસાન થયેલ છે.
18. શ્રી મહેશભાઈ નવલશંકર ત્રિવેદી (ઉ.વ. 67, વડોદરા)નું તા. 24.10.2025ના રોજ અવસાન થયેલ છે.
19. મનહર શંભુ પ્રસાદ આચાર્ય (ધ્રાંગધ્રા) નું તા. 29.10.2025ના રોજ અવસાન થયેલ છે.
20. રમાબેન અનંતરાય વ્યાસ (અમદાવાદ) નું 30.10.2025 ના રોજ અવસાન થયેલ છે.

# હાર્દિક શુભેચ્છાઓ સાથે




કુળદેવી અંબાજીમાતા – બહુચરાજી માતા



મોટીવાવડીના સતીમાતા

| | |
|---|---|
| સ્વ. કુલશંકર ઉમીયાશંકર પંડિત | સ્વ. શાંતાબેન કુલશંકર પંડિત |
| શ્રી કિશોરભાઈ કુલશંકર પંડિત | શ્રીમતી ભારતી કિશોરભાઈ પડિત |
| શ્રી નિરવ કિશોરભાઈ પંડિત | શ્રીમતી રીતીકા નિરવ પંડિત |
| શ્રી જીગ્નેશકુમાર કિરીટભાઈ રાવલ | શ્રીમતી જાસ્મીન જીગ્નેશકુમાર રાવલ |

પરી રાવલ, નીલ રાવલ,

કાવ્યા પંડિત, આયુષ પંડિત

# શુભ વૈવિશાળ




શ્રી. દ્વારકાધીશ પ્રભુ તથા કુળદેવી રાંદલમાંની કૃપા અને વડીલોના આશીર્વાદથી, જોષી પરિવારના સુપુત્ર ચી. વિદિત નો સગાઇ સમારોહ અમદાવાદ નિવાસી સૌ. લતાબેન તથા શ્રી અતુલભાઈ દલપતરામ દવેની સુપુત્રી ચી. ધ્રુવી સાથે રવિવાર, તારીખ ૦૫' ઑક્ટોબર ૨૦૨૫ ના રોજ ગાંધીનગર (ગુજરાત) ખાતે સંપન્ન થયો.

આશીર્વાદ

| | |
|---|---|
| સ્વ. જગન્નાથશાસ્ત્રી લ. જોષી | સ્વ. તારાબેન જગન્નાથશાસ્ત્રી જોષી |
| સ્વ. રમાબેન જનકભાઈ જોષી | શ્રી. જનકભાઈ જગન્નાથશાસ્ત્રી જોષી |
| સૌ. જાગૃતિબેન તથા બાલકૃષ્ણભાઈ દવે | સૌ. શ્રધ્ધા તથા ઉર્વીશભાઈ જોષી |
| સૌ. રચના તથા પ્રણવભાઈ જોષી | સૌ. જાન્હવી તથા પરીક્ષિતભાઈ દવે |

ભાર્ગવી, ઇશિતા, મિહિત, જીમિત અને આરિત્રા